# ગ્રાહક તકરાર નિવારણ ફોરમ, ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ

પાવર હાઉસ કંપાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ સામે, ભુજ

ફોનઃ ૦૨૮૩૨-૨૫૩૫૫૦ ફેકસઃ ૦૨૮૩૨-૨૫૦૦૪૮

E-Mail- forumbhuj.pgvcl@gebmail.com


નં:કેસી/સીજીઆરએએફ/૨૦૧૮/ 133 તારીખ: 25/07/18

રજી. એ.ડી. દ્વારા

પ્રતિ,

શ્રી માધાપર (નવાવાસ) ગ્રામ પંચાયત કચેરી,

"વિરાંગના ભવન"

માધાપર-નવાવાસ,

તા-ભુજ-કચ્છ,

જી.કચ્છ મોબાઇલ નંબર:- ૯૪૨૯૪ ૩૦૬૩૩

વિષય :– કેસ નંબર પીજી૦૨/૦૦૧/૨૦૧૮-૧૯

સંદભઃ– આપની અરજી નોંધણી નં. પીજી૦૨/૦૦૧/૨૦૧૮-૧૯

મહાશય શ્રી,

આપના દ્વારા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ ભુજ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે. જે આપની જાણ સારૂં.

(એસ એન વહોનીયા)

કન્વીનર

ગ્રાહક તકરાર નિવારણ ફોરમ,ભૂજ.

O/C

બિડાણ-ઉપર મુજબ

(૧) અધિક્ષક ઈજનેર, પીજીવીસીએલ, વર્તુળ કચેરી, ભુજ

(૨) કાર્યપાલક ઈજનેર, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, ભુજ

(૩) નાયબ ઈજનેર, પીજીવીસીએલ, પેટાવિભાગીય કચેરી, માધાપર

........ ચુકાદાની નકલ સામેલ છે.ગુજરાત વિધુત નિયંત્રણ આયોગ(ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો-૨૦૧૧ જાહેરનામા ક્રમાંક ૨/૨૦૧૧ ની વિનિયમ નં ૨.૫૦ ફોરમે પસાર કરેલ આદેશ પરવાનેદાર અને ફરીયાદીને બંધનકર્તા રહેશે.તેમજ વિનિયમ નં ૨.૫૧ અનુંસાર સદર આદેશનું પાલન આદેશ મળ્યાના ૨૧ દિવસ ની અંદર કરવાનું રહેશે. જે અંગે વિનિયમ નં ૨.૫૨ અનુંસાર ફોરમ અને ફરીયાદીને પાલનની તારીખથી ૭(સાત) દિવસ અંદર ફોરમના આદેશ અંગે પાલન અહેવાલ રજુ કરવો. ફોરમના આદેશનું પાલન ન કરવાની બાબતે વિનિયમોના ભંગ ગણવામાં આવશે અને યોગ્ય ઉપાયાત્મક પગલાં માટે જવાબદાર બનશે જેની નોંધ લેશો.

Scanned by CamScanner

# ગ્રાહક તકરાર નિવારણ ફોરમ,ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ
પાવર હાઉસ કમ્પાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ સામે, ભુજ
ફોન:- ૦૨૮૩૨-૨૫૩૫૫૦ફેક્સ:- ૦૨૮૩૨-૨૫૦૦૪૮
E-Mail- forumbhuj.pgvcl@gebmail.com

નં કેસી/સીજીઆરએફ/૨૦૧૮/ 133 તારીખ: 25/09/18

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, ભુજના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG-002-001-2018-19.

| | |
|---|---|
| અરજદાર: | શ્રી માધાપર(નવાવાસ) ગ્રામ પંચાયત કચેરી,<br>સરપંચ શ્રીમતી પ્રેમિલાબેન અરજણ ભુડિયા<br>ગામ: માધાપર, તા.-ભુજ, જી.કચ્છ |
| રજૂઆત કરનાર: | અરજદારના પ્રતિનિધિશ્રી સુખદેવ એ.ગજ્જર(તલાટીશ્રી) |

:: વિરુધ્ધ ::

| | |
|---|---|
| સામાવાળા: | કાર્યપાલક ઇજનેરશ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, ભુજ |
| રજૂઆત કરનાર: | (૧) શ્રી કે.આર.વરસાણી, કા.ઇ., પીજીવીસીએલ,વિભાગીય કચેરી, ભુજ<br>(૨) શ્રી એમ.એન.ચૌધરી,ના.ઈ.,પીજીવીસીએલ,પેટાવિભાગીય કચેરી,માધાપર |

:: ફોરમ ::

૧) શ્રી જે.બી. પારેખ, ચેરપર્સન
૨) શ્રીમતી એન એચ જોષી, સ્વતંત્ર મેમ્બર
૩) શ્રી એ.એસ.માંડલિયા, મેમ્બર ટેક

| | |
|---|---|
| સુનાવણી સ્થળ: | કોન્ફરન્સ હૉલ, પીજીવીસીએલ., વર્તુળ કચેરી, ભુજ. |
| તારીખ: | ૩૧.૦૮.૨૦૧૮ |



Scanned by CamScanner

## :: અરજદારની રજૂઆત ::

૧.૦ અરજદારશ્રી માધાપર(નવાવાસ) ગ્રામ પંચાયત કચેરી, ગામ-માધાપર, તા-ભુજ, જિ.-કચ્છએ માધાપર નવાવાસ ગ્રામ પંચાયતના રોડ લાઈટ મીટર ગ્રાહક નંબર ૩૯૨૦૧/૦૩૪૪૫/૧માં મીટર રીડર દ્વારા મીટર ફોલ્ટી બતાવીને રૂ. ૫,૭૬,૫૫૯/- રકમનું બીલ આપેલ છે. આ બાબતે ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

૧.૧ સદર કેસની રજૂઆત નીચે મુજબ છે.

૧.૨ અરજદારશ્રી માધાપર(નવાવાસ) ગ્રામ પંચાયત કચેરી, ગામ-માધાપર, તા-ભુજ, જિ.-કચ્છએ માધાપર નવાવાસ ગ્રામ પંચાયતના રોડ લાઈટ મીટર ગ્રાહક નંબર ૩૯૨૦૧/૦૩૪૪૫/૧ એ મીટર રીડર દ્વારા મીટર ફોલ્ટી બતાવેલ છે અને ખોટું બીલ આપેલ છે.

૧.3 અરજદારશ્રીને મીટર ફોલ્ટી બતાવીને રકમ રૂ. ૫,૭૬,૫૫૯/-ની મોટી રકમનું બીલ આપેલ છે.

૧.૪ અરજદારશ્રી દ્વારા આ અંગે વારંવાર રજૂઆત કરવા છતાં પીજીવીસીએલ દ્વારા હકારાત્મક અભિગમ આપવામાં આવેલ નથી. ગ્રામપંચાયતએ ગ્રામજનોના જાહેર ઉપયોગ માટે વપરાશ કરવામાં આવે છે.

૧.૫ અરજદારશ્રીને માધાપર પેટાવિભાગીય કચેરી તરફથી રૂ. ૫,૭૬,૫૫૯/-નું બીલ આપવામાં આવેલ છે. જે બીલ ખોટું હોઈ અરજદારે આજદિન સુધી ભરપાઈ કરેલ નથી. આ બીલ બાબતે રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૨.૦ સુનાવણી સમયે સામાવાળા શ્રી કે.આર.વરસાણી, કા.ઇ.,પી.જી.વી.સી.એલ., વિભાગીય કચેરી, ભુજ તેમજ શ્રી એમ.એન.ચૌધરી, ના.ઈ., પી.જી.વી.સી.એલ., પેટાવિભાગીય કચેરી, માધાપર રૂબરૂમાં હાજર રહેલ અને જણાવેલ કે,

૨.૧ અરજદાર શ્રી માધાપર નવાવાસ ગ્રામ પંચાયત રોડલાઈટનું વીજકનેક્શન ધરાવે છે જેના ગ્રાહક નં. ૩૯૨૦૧/૦૩૩૪૫/૧ છે. જેમાં માર્ચ - ૨૦૧૭ સુધી રીડીંગ મુજબ બીલ આપવામાં આવેલ છે. એપ્રિલ-૨૦૧૭ અને મે - ૨૦૧૭માં ૧૨૭૨૦ના બે ફોલ્ટી બીલ આપવામાં આવેલ હતા. જુલાઈ-૨૦૧૭માં મીટર બદલવામાં આવેલ છે.



Scanned by CamScanner

૨.૨ લેબોરેટરી દ્વારા લેબ ટેસ્ટ પણ કરવામાં આવેલ છે. જેમાં એમ.આર.આઈ. રીપોર્ટમાં છેલ્લા રીડીંગ ૪૨૭૭૮૦ છે. જે મુજબ છેલ્લા રીડીંગ ૪૨૭૭૮૦-૪૨૬૭૭૧=૧૦૦૯ યુનિટના રૂ. ૫૭૩૧.૧૨ વસૂલવાપાત્ર રકમ ગ્રાહકના ખાતામાં ઉથલાવવામાં આવેલ છે.

૨.૩ એમ.આર.આઈ. રીપોર્ટ મુજબ ફોલ્ટીની એવરેજ ૧૨૭૨૦ ના બીલ આપવામાં આવેલ છે. જે પણ ગ્રાહકને જમા આપવામાં આવેલ છે. જેની રકમ ૧,૪૮,૬૩૯/- છે. ત્યારબાદ મીટર ચેન્જ બાદ વીજકનેક્શનના રીડીંગ મીટર રીડીંગ એજન્સી દ્વારા વધારાના(એક્સેસ) ૩૨૧૭૪ રીડીંગ લેવાઈ ગયેલ હતા. જેની રકમ રૂ. ૧,૯૦,૯૯૫.૭૪ હતી. જે પણ ગ્રાહકના ખાતામાં જમા આપવામાં આવેલ છે.

૨.૪ અરજદારશ્રીને વધારાના રીડીંગને કારણે તેમજ લાંબા સમયથી પેમેન્ટ ન થવાને કારણે ગ્રાહકના ખાતામાં વિલંબિત ચૂકવણી ચાર્જ રૂ. ૫૨૯૮.૧૩ જે પણ નિયમાનુસાર જમા આપવામાં આવેલ છે. આમ કુલ્લ રૂ.૩,૪૪,૯૩૨.૯૭ ગ્રાહકના ખાતે મજરે આપવામાં આવેલ છે.

૨.૫ અરજદારશ્રીને માર્ચ – ૨૦૧૭ સુધી બાકી રૂ. ૨,૨૧,૪૯૩.૮૩ અને ત્યારબાદના વપરાશ યુનિટ એમ. આર. આઈ. રીપોર્ટ મુજબ ૪૨૭૭૮૦-૪૧૧૬૬૭ = ૧૬૧૧૩ + નવા મીટરના લેવા પાત્ર યુનિટ ૩૦-૦૬-૨૦૧૮ સુધીના ૪૨૬૩૪ આમ કુલ્લ ૫૮૪૭૪ યુનિટના રૂ. ૩૫૫૦૬૫.૫૬ અને જુલાઈ-૨૦૧૮ સુધીની બાકી રકમ રૂ. ૫,૭૬,૫૫૯.૩૯ છે. જે ભરવાપાત્ર થાય છે.

૨.૬ વધુમાં અરજદારશ્રી દ્વારા તા.૩૦-૧૨-૨૦૧૬ના રૂ. ૧૪,૦૩૦/- ભરપાઈ કરેલ છે અને છેલ્લા ૧૯ મહિના સુધી કોઈ પેમેન્ટ કરેલ નથી અને જુલાઈ-૨૦૧૮માં રીડીંગ ૨૯૬૫ યુનિટનું બીલ રૂ.૨૧,૪૯૪.૬૯ અરજદારશ્રીને આપેલ છે.

## :: હુકમ ::

૩.૦. સુનાવણી સમયે રજૂઆત કરનારની તેમજ સામાવાળાની લેખિત રજૂઆત તેમજ રજુ કરેલ દસ્તાવેજી પુરાવાના આધારે નીચે મુજબ નાં તારણ પર આવી શકાય.

૩.૧ ફોરમ દ્વારા પી.જી.વી.સી.એલ તથા અરજદારશ્રીની રજૂઆત સાંભળવામાં આવેલ છે.

૩.૨ પી.જી.વી.સી.એલ. દ્વારા અરજદારશ્રીને બે ફોલ્ટી એવરેજ બીલો આપવામાં આવેલ છે. જે અરજદારશ્રીનાં ખાતામાં જમા આપેલ છે. જેની રકમ રૂ. ૧,૪૮,૬૩૯/-છે અને મીટર રીડીંગ એજન્સી દ્વારા વધારાના(એક્સેસ) ૩૨૧૭૪ રીડીંગ લેવાઈ ગયા હતા જેની રકમ રૂ. ૧,૯૦,૯૯૫.૭૪ જે પણ ગ્રાહકના ખાતામાં જમા આપવામાં આવેલ છે. અરજદારશ્રીના ખાતામાં વિલંબિત ચુકવણી ચાર્જ રૂ.૫૨૯૮.૧૩ જે પણ કંપનીના નિયમાનુસાર જમા આપવામાં આવે છે. આમ કુલ્લ ૩,૪૪,૯૩૨.૯૭ અરજદારશ્રીના ખાતામાં જમા આપવામાં આવેલ છે.



Scanned by CamScanner

3.3 અરજદારશ્રીના બીલમાં માર્ચ ૨૦૧૭ સુધીની બાકી રકમ રૂ. ૨,૨૧,૪૯૩.૮૩ અને ત્યારબાદના વપરાશ યુનિટ માર્ચ-૧૭થી એમ.આર.આઈ. રીપોર્ટ મુજબ ૪૨૭૭૮૦-૪૧૧૬૬૭=૧૬૧૧૩ + નવા મીટરના લેવા પાત્ર યુનિટ તા.૩૦/૦૬/૧૭ સુધીના ૪૨૬૩૪ જે કુલ ૫૮૪૭૪(૧૬૧૧૩+૪૨૬૩૪) યુનિટના રકમ રૂ. ૩,૫૫,૦૬૫.૫૬ આમ કુલ જૂન-૨૦૧૮ સુધીની બાકી રકમ રૂ.૫,૭૬,૫૫૯.૩૯ થાય છે. જે ભરવાપાત્ર થાય છે અને જુલાઈ-૨૦૧૮માં રીડીંગ ૨૯૬૫ યુનિટનું બીલ રૂ. ૨૧,૪૯૪.૬૯ ગ્રાહકને આપવામાં આવેલ છે.

3.૪ આમ અરજદારશ્રીને આપવામાં આવેલ બીલમાં કોઈપણ ફેરફાર કરવાની જરૂર નથી. આમ, અરજદારશ્રીને ૧૬૧૧૩+૪૨૬૩૪=૫૮૭૪૭ યુનિટનું રૂ.૫,૭૬,૫૫૯.૩૯ અને જુલાઈ-૨૦૧૮નું ૨૯૬૫ યુનિટનું રૂ.૨૧,૪૯૪.૬૯ જે ભરવાપાત્ર છે. આમ, અરજદારની ફરિયાદનો નિકાલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| એ.એસ.માંડલિયાં | એન. એચ. જોષી |
| મેમ્બર ટેક | સ્વતંત્ર મેમ્બર |

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯

Certified Copy

CGRF, PGVCL, BHUJ

PG-002-001-2018-19



Scanned by CamScanner